# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૫ તા. ૨૦.૦૪.૨૦૧૯

-------------

**કોંગ્રેસમાં શ્રી સરદાર પટેલની અવગણના અને અપમાનની ખરાબ પરંપરા છે.**
**જયારે માત્ર શ્રી અહેમદ પટેલનું જ સન્માન થાય છે. - ભરત પંડયા**

-------------

**દેશના મહાપૂરૂષોને અન્યાય અને માત્ર ગાંધી પરીવારને ન્યાય - શ્રી ભરત પંડયા**

-------------

**2004 થી 2014ના કોંગ્રેસના ભ્રષ્ટાચારી કુશાસનમાં ગુજરાતને સખ્ત અન્યાય કરી ચુકેલી કોંગ્રેસે "કોંગ્રેસ કરે છે ગુજરાતને અન્યાય" આ સુત્ર રાખવું જોઈએ. - ભરત પંડયા**

-------------

**કોંગ્રેસના નેતૃત્વની નિષ્ફળતા છૂપાવવા કોંગ્રેસ છોડનારા માટે "કોમ્યુનિકેશન ગેપ" એ તર્ક ખોટો છે, હક્કિતમાં કોંગ્રેસ અને પ્રજા બહુ મોટો "કોમ્યુનિકેશન ગેપ છે." - ભરત પંડયા**

-------------

**કોંગ્રેસના 10 વર્ષના શાસનમાં ગુજરાતને સતત અન્યાય સમયે શ્રી અહેમદ પટેલ કયાં હતાં ? 10 વર્ષમાં એક ભરૂચનો પુલ પણ બનાવી શક્યા ન હતાં. - ભરત પંડયા**

-------------

ગુજરાત ભાજપ પ્રવકતાશ્રી ભરત પંડયાએ ગાંધી પરીવારનાં રાષ્ટ્રીય રાજકીય સલાહકાર શ્રી અહેમદ પટેલના ગુજરાત, ગુજરાતના નેતૃત્વ અને ભાજપ પર કરેલા તમામ જૂઠ્ઠા આક્ષેપોને ફગાવીને અને તેને સખ્ત શબ્દોમાં વખોડતાં જણાવ્યું હતું કે, આ માત્ર ચૂંટણીલક્ષી રાજકીય જૂઠ્ઠા આક્ષેપ છે. કોંગ્રેસમાં શ્રી સરદાર પટેલનું અપમાન અને માત્ર ગાંધી પરીવારનાં રાજકીય સલાહકાર શ્રી એહમદ પટેલનું જ સન્માન થાય છે. પહેલાં સરદાર પટેલને પ્રધાનમંત્રી ન બનવાં દીધાં પછી તેમની અવગણના અને અન્યાય થયો હતો. ૪૧ વર્ષ સુધી તેમને ભારત રત્ન ન હતો આપ્યો. તેની કોંગ્રેસે હજુ સુધી માફી માંગી નથી. હમણાં સરદાર પટેલની પ્રતિભા-પ્રતિમાને ભંગાર -કબાડી શબ્દ સાથે સરખાવીને સરદારનું અપમાન, ગુજરાત અને દેશનું અપમાન કર્યું છે. તેમ છતાંય કોંગ્રેસે તે અંગે માફી માંગી નહીં અને જોરશોરથી તે જ ભંગાર શબ્દ દોહરાવતાં ગયાં.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, સાડા ચાર (4.50) લાખ સ્થાન પર માત્ર નહેરૂ-ગાંધી પરીવારના નામોની તકતીઓ છે. દેશમાં બીજા કોઈ મહાપુરષો જ નથી. કોંગ્રેસનું સુત્ર "દેશના મહાપુરુષોને અન્યાય અને માત્ર નહેરૂ-ગાંધી પરીવારને ન્યાય" સરદાર પટેલને સતત અન્યાય થતો રહ્યો . સતત અપમાન થાય છે.અને કોંગ્રેસમાં માત્ર એહમદ પટેલને જ સન્માન અને ન્યાય મળે છે તેથી બાકી બધાં નેતાઓને અન્યાય થાય છે એટલે તેઓ કોંગ્રેસ છોડી રહ્યાં છે. કોંગ્રેસ પોતાનાં નેતૃત્વની નિષ્ફળતા છુપાવવા

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



કોંગ્રેસ છોડનારાં માટે “કોમ્યુનિકેશન ગેપ” નાં ખોટા તર્ક અને કારણ આપે છે. શું કોંગ્રેસનાં શ્રી કુંવરજીભાઈ, જવાહરભાઈ, અલ્પેશ ઠાકોર સહિત ૭ ધારાસભ્યો, ૭ જીલ્લા પંચાયત, ૨૫-૩૦ તાલુકા પંચાયતનાં સભ્યો આ બધાં કોમ્યુનિકેશન ગેપને કારણે જ શું કોંગ્રેસ છોડી હશે ? હકીકતમાં તો તે કોંગ્રેસની વિચારધારા, નેતૃત્વ અને સરદાર પટેલનું અપમાન અને માત્ર એહમદ પટેલનાં જ સન્માનને કારણે જ પાર્ટી છોડીને ગયાં છે.કોંગ્રેસ છોડનાર માટે કોમ્યુનિકેશન ગેપ નહીં, પરંતુ ખરેખર તો કોંગ્રેસ અને પ્રજા વચ્ચે બહુ મોટો “કોમ્યુનિકેશન ગેપ” રહ્યો છે.કોંગ્રેસ પ્રજા માટે, પ્રજા વચ્ચે જતી જ નથી.તે કોંગ્રેસે સ્વીકારવું જોઈએ.

કોંગ્રેસની બેવડી નીતિ અંગે શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, શ્રી અહેમદ પટેલ કોંગ્રેસના શાસનમાં જો ભરૂચનો એક પુલનું કામ પૂર્ણ કરાવી શક્યાં હોય તો પણ ઘણું હતું પણ તે કરી શક્યાં નથી. કેન્દ્ર જયારે આપે છે, ત્યારે કોંગ્રેસનું કેન્દ્રીય નેતૃત્વ અને બીજા રાજ્યોના કોંગ્રેસના આગેવાનો “શ્રી મોદીજી ગુજરાતના પ્રધાનમંત્રી નથી, પરંતુ દેશના પ્રધાનમંત્રી છે” તેમ કહીને ગુજરાતના નેતૃત્વની ટીકા કરે છે. ગુજરાતને અન્યાય થયો હોય ત્યારે કોંગ્રેસ બોલી શકતી નથી. 2004 થી 2014નાં કેન્દ્રના કોંગ્રેસના શાસન સમયે નર્મદા,રોયલ્ટી,નાણાંપંચ, પ્રોજેકટો, ગ્રાન્ટ તમામ બાબતોમાં અન્યાય કર્યો હતો. જયારે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નર્મદા યોજના અને કોંગ્રેસના સમયમાં 63,000 કરોડ રૂ. ગુજરાતને મળ્યાં હતાં જયારે કેન્દ્રની ભાજપ સરકારમાં 3,10,985 કરોડ રૂ.ગુજરાતને મળ્યાં છે. 10 વર્ષના કોંગ્રેસના ભ્રષ્ટાચારી કુશાસનમાં ગુજરાતને સખ્ત અન્યાય કરી ચુકેલી કોંગ્રેસે “કોંગ્રેસ કરે છે ગુજરાતને અન્યાય” આ સુત્ર રાખવું જોઈએ. ગુજરાત દેશનું નેતૃત્વ કરે છે અને કરતું રહેશે. ગુજરાતની જનતા 26 લોકસભા બેઠકોમાં ભાજપને જીતાડીને ફરીથી શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી બનાવશે તેવો વિશ્વાસ શ્રી ભરત પંડયાએ વ્યકત કર્યો હતો.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૬ તા. ૨૦.૦૪.૨૦૧૯

-------------

ભાજપા પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલે તારીખ ૨૧ એપ્રિલ, ૨૦૧૯ના રોજ ગુજરાતનાં **મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, કેન્દ્રીય મંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલાજી, મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા, ધારાસભ્યશ્રી હિતુભાઈ કનોડિયા, પૂર્વ ધારાસભ્યશ્રી નરેશભાઈ કનોડીયા, ગુજરાતી અભિનેત્રીશ્રી પ્રાંજલબેન ભટ્ટ**નો ગુજરાતમાં વિવિધ લોકસભા ક્ષેત્રોમાં ચૂંટણી પ્રચાર રાઉન્ડ દરમ્યાન જાહેર સભાઓ તથા કાર્યકર્તા સંમેલનોને સંબોધશે.

## માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીજીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૧.૦૪.૨૦૧૯<br>રવિવાર | સવારે ૦૯.૩૦ કલાકે | **પાટણ લોકસભા** - પાટણ વિધાનસભા - પ્રધાનમંત્રીશ્રી સાથે જાહેરસભામાં હાજર રહેશે.<br>સ્થળ: ઉત્તર ગુજરાત યુનિવર્સીટી ગ્રાઉન્ડ, પાટણ |

## માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૧.૦૪.૨૦૧૯<br>રવિવાર | સવારે ૦૯.૩૦ કલાકે | **પાટણ લોકસભા** - પાટણ વિધાનસભા - પ્રધાનમંત્રીશ્રી સાથે જાહેરસભામાં હાજર રહેશે.<br>સ્થળ: હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી ગ્રાઉન્ડ, પાટણ |

## પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૧.૦૪.૨૦૧૯<br>રવિવાર | સવારે ૧૨.૦૦ કલાકે | **ગાંધીનગર લોકસભા** - સાણંદ વિધાનસભા<br>રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના રોડ શોમાં હાજર રહેશે. સ્થળ: એપીએમસી - સાણંદ |
| | સાંજે ૦૪.૦૦ કલાકે | **અમરેલી લોકસભા** - અમરેલી વિધાનસભા - ગ્રુપ મીટીંગ સ્થળ: અમરેલી |

## કેન્દ્રિય મંત્રીશ્રી પરસોત્તમભાઈ રૂપાલાજીનો વિગતવાર કાર્યક્રમ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૧.૦૪.૨૦૧૯<br>રવિવાર | સવારે ૧૧.૦૦ કલાકે | **ભાવનગર લોકસભા** - બોટાદ વિધાનસભા - જાહેરસભા સ્થળ - વલ્લભીપુર |

## મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૧.૦૪.૨૦૧૯<br>રવિવાર | સવારે ૦૯.૩૦ કલાકે | **ગાંધીનગર લોકસભા** - સાણંદ વિધાનસભા – જાહેરસભા<br>સ્થળ: માંકોલ |
| | બપોરે ૧૨.૦૦ કલાકે | **ગાંધીનગર લોકસભા** - સાણંદ વિધાનસભા<br>રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના રોડ શોમાં હાજર રહેશે.<br>સ્થળ: એપીએમસી - સાણંદ |

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



## ધારાસભ્યશ્રી હિતુભાઈ કનોડિયાનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૨૧.૦૪.૨૦૧૯<br>રવિવાર | સવારે ૦૯.૩૦ કલાકે | ગાંધીનગર લોકસભા - સાણંદ વિધાનસભા – જાહેરસભા સ્થળ: સાણંદ |

## પૂર્વ ધારાસભ્યશ્રી નરેશભાઈ કનોડીયાનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્મની વિગત |
|---|---|---|
| ૨૧.૦૪.૨૦૧૯<br>રવિવાર | સવારે ૧૦.૦૦ કલાકે | સાબરકાંઠા લોકસભા – ઈડર વિધાનસભા – જાહેરસભા સ્થળ: બાબસર, વડાલી |
| | સવારે ૧૧.૦૦ કલાકે | સાબરકાંઠા લોકસભા – ઈડર વિધાનસભા – જાહેરસભા સ્થળ: મહોર |
| | બપોરે ૧૨.૦૦ કલાકે | સાબરકાંઠા લોકસભા – ઈડર વિધાનસભા – જાહેરસભા સ્થળ: હાથોજ |
| | બપોરે ૦૧.૪૫ કલાકે | સાબરકાંઠા લોકસભા – ઈડર વિધાનસભા – જાહેરસભા સ્થળ: ગોલવાડા |
| | બપોરે ૦૨.૩૦ કલાકે | સાબરકાંઠા લોકસભા – ઈડર વિધાનસભા – જાહેરસભા સ્થળ: ચંડપ |
| | બપોરે ૦૪.૦૦ કલાકે | સાબરકાંઠા લોકસભા – ઈડર વિધાનસભા – જાહેરસભા સ્થળ: બડોલી |

## ગુજરાતી અભીનેત્રીશ્રી પ્રાંજલબેન ભટ્ટનો વિગતવાર પ્રોગ્રામ

| તારીખ | સમય | કાર્યક્મની વિગત |
|---|---|---|
| ૨૧.૦૪.૨૦૧૯<br>રવિવાર | સવારે ૦૯.૦૦ કલાકે | બારડોલી લોકસભા - કામરેજ વિધાનસભા - રોડ શો<br>સ્થળ: શ્યામ ધામ મંદિર, સરથાણ |

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ